# ગાંધીનગરને સ્માર્ટ બનાવવા ૬.૬૫ અબજનો ખર્ચ કરાશે : મેયર રીટાબેન પટેલ

## ગંદકી, દબાણ અને રખડતા ઢોરની સમસ્યા જડમૂળમાંથી દૂર થશે - સ્માર્ટ રસ્તા, ટ્રાફિક મેનેજમેન્ટ, પાણી, ગટર, સ્ટ્રીલાઈટની સુવિધાઓ પણ અપગ્રેડ થશે : મેયર

એક જમાનામાં ગ્રીન સીટી તરીકેની આગવી ઓળખ ધરાવતા ગાંધીનગરનો આજે ૫૬નો જન્મદિવસ છે. શાંત, સુંદર અને હરિયાળા નગરમાં મોટેભાગે કર્મચારીઓ અને નેતાઓનો વસવાટ હોવાથી આજે પણ ગાંધીનગરનો મિજાજ રૂઆબદાર છે. હરિયાળી વનરાજી વચ્ચે વિકાસની કેડીઓ કંડારતા ગાંધીનગર સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધી રહ્યું છે. શહેર હાલ તો જો કે ઠેર ઠેર ખોદાયેલા ખાડાઓના લીધે જાણે માટીના ઢગ વચ્ચે ખડું હોય તેમ સ્પષ્ટ થઈ રહ્યું છે. પરંતુ આમ પોતાનું અને આમ કોઈનું નહીં... તેવું ગાંધીનગર હવે સ્માર્ટ લુક અને સુવિધાઓ વચ્ચે સૌ કોઈનું બનવા તરફ જઈ રહ્યું છે. ગાંધીનગરને સ્માર્ટ બનાવવા માટે ૬.૬૫ અબજના કામો હાથ ધરાયા છે.

પાટનગરના સ્થાપના દિવસની પૂર્વ સંધ્યાએ ગાંધીનગરના મેયર રીટાબેન પટેલ સાથે થયેલી વાતચીત દરેક નગરવાસી માટે મહત્વની બની રહી હતી. કેમ કે આજનું પાટનગર નવી ઓળખ અને નવી માળખાકીય સુવિધા મેળવવાનું છે. મેયર દ્વારા આ વાતે વિવિધ માહિતી આપવામાં આવી તેમાં જાણવા મળ્યું કે મહાપાલિકા દ્વારા અને સ્માર્ટ સિટી અંતર્ગત કુલ મળીને રૂપિયા ૬.૬૫ અબજ મતલબ કે રૂપિયા ૬૬૪.૭૭ કરોડના ખર્ચના કામ હાથ ધરવામાં આવ્યા છે. તેમાં ૫૭૯ કરોડના ખર્ચના કામ તો પ્રગતિ હેઠળ છે. પરિણામે આગામી દિવસોમાં નગરને અને નાગરિકોને અનેકવિધ નવી સુવિધાઓ અચૂક મળવાની છે.

### મહાપાલિકા દ્વારા હાથ ધરાયેલી યોજનાઓ પ્રગતિમાં

- વૈશ્વિક ધોરણ અનુસારના ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર સહિત મહાપાલિકા કચેરીની નવી ઈમારત - ૧૭.૮૩ કરોડ
- વિવિધ સેકટરમાં બગીચાના નવીનીકરણ - ૫.૦૫ કરોડ
- સેકટર-૨, ૨૪, ૨૯ અને પાલજમાં ફિઝીયોથેરાપી સેન્ટર - ૩.૭૩ કરોડ
- સેકટર ફરતે સુરક્ષા દિવાલ - ૨.૫૫ કરોડ
- ૧૩૮ પથારી સહિત સુવિધાસભર સેલ્ટર હોમ - ૨.૨૧ કરોડ
- જ માર્ગ પર ચેઈનલીંક જાળી લગાડવાનું કામ - ૧.૭૭ કરોડ
- કોમ્યુનિટી ટોઈલેટ ૧૨ બ્લોકસ - ૧.૬૪ કરોડ
- જીટીએસ વર્કશોપ અને વ્હિકલ પુલનું નિર્માણ - ૧.૬૧ કરોડ
- વિવિધ સેકટરમાં સાઈન બોર્ડસ - ૧.૪૧ કરોડ
- મુકિતધામમાં વધારાની સુવિધાઓ - ૧.૩૬ કરોડ
- નવી ૮ આંગણવાડીનું બાંધકામ - ૧.૦૯ કરોડ
- સે-૨૧ અને ૨૪માં વર્મી કમ્પોસ્ટ પ્લાન્ટની સાઈટને કમ્પાઉન્ડ વોલ - ૮૨ લાખ
- ઈન્દ્રોડા ગામમાં આરસીસી રોડ - ૬૬ લાખ

મેયરશ્રીના જણાવવા પ્રમાણે સ્માર્ટ સિટી અંતર્ગત કુલ ૫૦૭.૦૪ કરોડના કામનું આયોજન કરાયું છે. તેમાંથી ૪૪૭.૦૪ કરોડના ખર્ચના કામ અને મહાપાલિકા દ્વારા ૧૬૭.૭૩ કરોડના કામનું આયોજન પૈકીના ૧૩૨.૩૨ કરોડના ખર્ચના કામ ચાલુ છે અને વિવિધ તબક્કે પહોંચી ચુકયા છે. તેમાંના મોટાભાગના કામ ૬, ૮, અને ૧૨ મહિના પહેલાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

**● નગરની હદ વધી છે નવા ગામ ઉમેરાયા છે, સત્તા સીમિત છે અને મેનપાવર પર્યાપ્ત નથી, તો કેવી રીતે કામ કરશો?**

**મેયરશ્રી :** રાજ્ય સરકાર દ્વારા મહાપાલિકાનું હદ વિસ્તરણ કરવામાં આવ્યું છે. પેથાપુર નગરપાલિકા અને ૧૮ ગામ સહિત વિસ્તારનો ગાંધીનગર મહાપાલિકામાં સમાવેશ કરાયો છે. નવા વિસ્તારોમાં પાટનગરના જેવી સુવિધાઓ આપવા માટે અમે સંપૂર્ણ કટીબદ્ધ છીએ. દેશના ગૃહમંત્રી અને ગાંધીનગરના સાંસદ અમિતભાઈ શાહ, રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ અને જિલ્લાના પ્રભારી મંત્રી કૌશિકભાઈ પટેલ સમગ્ર વિસ્તારમાં જરૂરી તમામ યોજનાઓમાં અંગત રસ લઈને બહુમૂલ્ય માર્ગદર્શન આપી રહ્યા હોવાથી મેનપાવર સહિતની વ્યવસ્થાઓ ઝડપભેર પરિપૂર્ણ કરીને નગર વિકાસના કામ શરુ કરી દેવામાં આવ્યા છે. નવા વિસ્તારોમાં કેવી સુવિધાઓની જરૂરત છે અને તેમાંથીશું ખુટે છે, તેના સહિત માહિતીનું મ્યુનિસિપલ કમિશનર સહિત અધિકારી પાંખ દ્વારા સતત વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે.



**● શહેરમાં હાલ ઠેર ઠેર મોટા ગાબડા જોવા મળે છે, ત્યારે મનપાની કાર્યપધ્ધતિ સામે આમ નાગરિકોમાં રોષ છે શું કહેશો?**

**મેયર :** રસ્તાના સમારકામ, રસ્તા પહોળા કરવા અને ગંદા પાણી તથા વરસાદી પાણીના યોગ્ય નિકાલ માટે ગટર વ્યવસ્થાને સુદૃઢ કરવા સહિતના અનિવાર્ય કામોની યોજનાઓ હાથ ધરવામાં આવી હોવાથી કોઈ સ્થળે ગાબડા પડે અને લોકોમાં રોષ જાગે, તે વાત સાહજીક છે. પરંતુ તંત્ર દ્વારા તે દિશામાં સતત નિરિક્ષણ કરવામાં આવે છે અને ફરિયાદ મળવાની રાહ જોયા વગર સમારકામ કરવા સહિત યોગ્ય વ્યવસ્થાપન કરવામાં આવી રહ્યું છે. નાગરિકોની ફરિયાદો મળે છે તેના પર તુરંત કામ કરીને નિકાલ લાવવા માટે અધિકારીઓને સ્પષ્ટ સુચના આપવામાં આવેલી છે.

ગટરના ખાડાનું પુરાણ પાકું ન થાય ત્યાં સુધી કોન્ટ્રાકટરને નાણાં ચુકવાશે નહીં.

હું એ વાત નગરવાસીઓને ખાસ જણાવવા માંગુ છું કે, ગટરની કામગીરી ચોમાસા પહેલા શરુ કરાઈ છે. હાલ વરસાદી માહોલમાં ખોદકામના સ્થળે ખાડા પડતા હોય છે. પરંતુ પુરાણ માટે કોન્ટ્રાકટરની જવાબદારી જ નિયત કરાઈ છે તે પણ બે વર્ષ માટે કોન્ટ્રાકટર જવાબદાર રહે તેવી શરત મુકવા સાથે, મતલબ કે જયાં કામ થયું છે ત્યાં બે વર્ષ સુધી ખાડા પડે તે પુરવાની જવાબદારી કોન્ટ્રાકટરની નિયત કરાઈ છે અને તેમને કામનું પેમેન્ટ પણ બે વર્ષ બાદ જ કરવાનું છે.

નિયત દિવસોમાં નિયત સંખ્યામાં ઢોર પકડવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે.

આવો જ નિર્ણય ઢોર પકકડ પાર્ટી માટે અમલી બનાવાયો છે. ઢોર પકડનારા કોન્ટ્રાકટરના કર્મચારીઓ સાથે પશુપાલકોની સાંઠગાંઠના કારણે પરિણામ મળતું નહીં હોવાના કારણે કોન્ટ્રાકટ રદ કરીને નવી એજન્સીને કામ સોંપાયું છે. તેમની સાથે કરાર કરીને ચોકકસ સંખ્યામાં અને ચોકકસ સમયમાં ઢોર પકડવાની શરત મુકવામાં આવી છે. નિયત સમયમાં નિયત સંખ્યામાં ઢોર પકડયા હોય તો જ પગારના નાણાં મહાપાલિકા દ્વારા ચુકવવામાં આવે તેવી શરતના કારણે શહેરમાં રખડતા ઢોરના નિયંત્રણ મુદ્દે સારા પરિણામો મળશે.

**● સ્માર્ટ ગાંધીનગરમાં કેવી સુવિધાઓ ઉપલબ્ધ હશે?**

**મેયર :** આરોગ્ય, શિક્ષણ અને માળખાકીય સુવિધાઓ જેવી કે સ્માર્ટ રોડ, ટ્રાફિક મેનેજમેન્ટ, પાણી ગટર સ્ટ્રીટલાઈટ, આંતર માળખાકીય સુવિધાઓના ગઠનની ઓનલાઈન ફરિયાદ નિવારણ સહિતની સુવિધાઓ ઝડપથી ઉભી કરવામાં આવી રહી છે.

**● શહેરમાં ગંદકી અને દબાણની સમસ્યા મુખ્ય છે, તેને જડમૂળમાંથી દૂર કરવા શું કરશો?**

**મેયર :** મહાપાલિકા વિસ્તારમાં દરેક ઘરેથી કચરો નિયમિત લેવાઈ જાય છે. શહેરમાં ચોમાસુ ગંદકીના નિકાલ માટે વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જાહેર સ્થળો પર દબાણની સમસ્યા ઓછી કરવામાં નોંધનીય સફળતા મળી છે અને સમયાંતરે અસ્થાયી દબાણો દુર કરવામાં આવે છે.

**મુલાકાત - સંકલન : ધનંજય જોષી**

### સ્માર્ટ સિટી અંતર્ગત પ્રગતિ હેઠળની યોજનાઓ

- પાટનગરમાં ૨૪ કલાક પાણી આપવાની યોજના - ખર્ચ ૧૨૯ કરોડ
- અન્ડર પાસ - ૬૯.૭૫ કરોડ
- સ્માર્ટ રોડ - ૬૦.૧૨ કરોડ
- વિવિધ સેકટરમાં રસ્તાના નવીનીકરણ - ૬૦ કરોડ
- વરસાદી પાણીના નિકાલની લાઈન - ૩૮.૦૯ કરોડ
- સેકટરોના બગીચાનું નવીનીકરણ - ૩૭.૯૫ કરોડ
- સેકટરના એપ્રોચ રોડનું ફોર લેનીંગ - ૩૬ કરોડ
- સેકટર-૨૧ ડિસ્ટ્રીકટ શોપિંગમાં પાર્કિંગ - ૧૦ કરોડ
- કોમ્યુનિટી ટોઈલેટસ - ૬.૧૩ કરોડ

### મહાપાલિકાની મંજુરી હેઠળની નવી યોજનાઓ

- વિવિધ સેકટરના બગીચાના નવીનીકરણ - ૨૪.૩૯ કરોડ
- સેકટર ફરતે કમ્પાઉન્ડ વોલ - ૯.૦૮ કરોડ
- બોરીજ ગામમાં આરસીસી રોડનું કામ - ૧.૦૫ કરોડ
- સ્માર્ટ આંગણવાડી - ૫૧.૧૧ લાખ
- સેકટર-૨૪માં ફૂટપાથ અને ગઝબો - ૩૯.૪૩ લાખ

## ગટરના ખાડાનું પુરાણ પાકું ન થાય ત્યાં સુધી કોન્ટ્રાકટરને નાણાં ચુકવાશે નહીં


હાર્દિક શુભેચ્છાઓ

ગાંધીનગરના સ્થાપના દિને
સૌ નગરજનોને
હાર્દિક શુભેચ્છાઓ....

આપણું પાટનગર સર્વાંગી વિકાસ કરે અને સૌ નગરજનો ઉપર પરમકૃપાળુ પરમાત્માની કાયમી કૃપા બની રહે અને સૌ તંદુરસ્ત રહે તેવી પ્રાર્થના...
એ.એમ.સી. ગાંધીનગર

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ગાંધીનગર
મુ. રાંધેજા

અશોકભાઈ હીરાભાઈ પટેલ
ચેરમેનશ્રી

અનિલસિંહ મહોબતસિંહ વાઘેલા
વાઈસ ચેરમેનશ્રી

બોર્ડ ઓફ ડીરેક્ટરશ્રી


અતુલભાઈ મફતભાઈ પટેલ
બળદેવભાઈ માસંગજી ઠાકોર
લાલભાઈ ગોવિંદભાઈ પટેલ
વિનોદભાઈ બળદેવભાઈ પટેલ
રામચંદ્ર ગાંડાભાઈ પટેલ
કનુભાઈ મરઘાભાઈ પટેલ
ઈશ્વરભાઈ ડાહ્યાભાઈ પટેલ
સુરેશભાઈ મંગળદાસ પટેલ
ઈન્દ્રવદનભાઈ કરસનભાઈ પટેલ
હસમુખભાઈ કેશવલાલ પટેલ
મનુભાઈ હરગોવનદાસ પટેલ
યજ્ઞેશ એન. પટેલ-સેક્રેટરી






ગાંધીનગરના ૫૬માં જન્મદિને
સૌ નગરજનોને
અભિનંદન અને શુભકામનાઓ...

તથા
રાજ્યના મુખ્યમંત્રીશ્રી
વિજયભાઈ રૂપાણીના
જન્મદિને
અમારા વંદન અને અભિનંદન



શ્રીમતી શોભના આઈ.બી. વાઘેલા
પ્રમુખશ્રી, તાલુકા પંચાયત, ગાંધીનગર
પ્લોટ નં. ૪૧૧/૨, સેક્ટર-૬/એ,
ગાંધીનગર મહાનગર
મુ. પો. - રાયસણ, તા.જી. ગાંધીનગર

શ્રી આઈ.બી. વાઘેલા
એડવોકેટર / નોટરી
પૂર્વ પ્રમુખશ્રી, તાલુકા પંચાયત, ગાંધીનગર
મહામંત્રી, ગાંધીનગર જીલ્લા ભાજપ
મુ. પો. - મહુન્દ્રા, જલારામ ફાર્મ,
શિવપુરા કંપા રોડ, તા. જી. ગાંધીનગર
મો. ૯૮૨૫૦ ૩૭૭૮૫